# સાબરકાંઠાના પ્રા.શિક્ષક કોન બનેગા કરોડપતિ કાર્યક્રમમાં પહોંચ્યા...

## હોટ સીટ પર બેસવાનું સ્વપ્ન ફરી એકવાર અધૂરું

બાયડ તા.૩૧

જગતના સદીના મહાનાયક એવા દિગ્ગજ અભિનેતા બિગ બી અમિતાભ બચ્ચન દ્વારા હોસ્ટ કરવામાં આવી રહેલ અને સોની ચેનલ પર પ્રસારિત થઈ રહેલ સમગ્ર ભારતમાં આબાલવૃદ્ધને ઘેલું લગાડનાર શો કૌન બનેગા કરોડપતિની ૧૩મી સિઝન ચાલુ થઈ ગઈ છે. મહાનાયક બીગ બી સાથે




મુલાકાત પણ લોકો માટે સ્વપ્નવત છે ત્યારે કૌન બનેગા કરોડપતિના શો માં પહોંચવું એ પણ બહુ જ મોટી અને અઘરી સિદ્ધિ છે. અને આ ગૌરવશાળી સિદ્ધિ એક નહીં પણ બબ્બે વાર હિંમતનગર તાલુકાના નાનકડા ગામ હાપાના અને હાપા ગામની જ પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા ૪૪ વર્ષીય રાજેન્દ્રસિંહ પરમારે મેળવી છે.

વર્ષોથી આ સ્વપ્ન સાકાર કરવા તેઓ મથી રહ્યા હતા. ૨૦૧૪માં સુરત ખાતે ઓપનિંગ એપીસોડમાં ઓડિયન્સ સુધી પહોંચ્યા બાદ ફાસ્ટેસ્ટ ફિંગર સુધી નહોતા પહોંચી શક્યા. તેમ છતાં તેમણે નિરાશ થયા વગર મહેનત અને પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. અને આ વર્ષે બીગ બી સાથે મુલાકાત શક્ય બની હતી.

આ વર્ષે સમગ્ર ભારતમાંથી અંદાજિત દોઢ કરોડ લોકોએ રજીસ્ટ્રેશન કર્યું હતું તેમાંથી રેન્ડમલી ૩૦ લાખ આસપાસ લોકોની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને સિસ્ટમ દ્વારા ત્રણ સવાલો પૂછવામાં આવ્યા હતા જેના જવાબ માત્ર ૧૦ સેકન્ડમાં આપવાના હોય છે. આ પ્રક્રિયા બાદ ૨૦ હજાર લોકોની ૨૦માર્કસની ઓનલાઈન પરીક્ષા અને ઓનલાઈન વિડીયો અપલોડિંગની પ્રક્રિયા કરવામાં આવી હતી જેમાંથી પસંદ થયેલા ૧૨૦૦ વ્યક્તિઓને રૂબરૂ ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાં રાજેન્દ્રસિંહ પરમારને દિલ્હી ખાતે બોલાવવામાં આવ્યા હતા. ત્યાં પેનલ સામે ઈન્ટરવ્યૂ, ઓએમઆર આધારિત પરીક્ષા અને લેખિત પરીક્ષા એમ ૩ થી ૪ કલાકની પરીક્ષા લેવામાં આવી હતી. અંતે ૧૨૦૦ વ્યક્તિઓમાંથી ૧૫૦ વ્યક્તિઓની ફાસ્ટેસ્ટ ફિંગર રાઉન્ડ માટે પસંદગી થતાં તેમને મુંબઈ શૂટિંગ માટે બોલાવવામાં આવ્યા હતા. ફાસ્ટેસ્ટ ફિંગર રાઉન્ડમાં નવા ફોર્મેટ મુજબ તેઓ એકવાર હોટસીટની નજીક પહોંચ્યા હતા પરંતુ માત્ર ૧ સેકન્ડના નજીવા અંતરથી એક સ્પર્ધકથી પાછળ રહી જતાં તેઓનું હોટસીટ પર પહોંચવાનુ સ્વપ્ન સાકાર થતાં રહી ગયું હતું.

રાજેન્દ્રસિંહ પરમાર નિરાશ થઈ જતાં બીગ બી અમિતાભ બચ્ચને તેમના સૌમ્ય સ્વભાવ અને શાલીનતાનો પરિચય આપતાં જોડે ઉભા રહી આશ્વાસન આપતાં કહ્યું હતુ કે શ્રીમાન નિરાશ મત હોઈએ...




આપ હોટ સીટ ઓર નહીં પહોચ સકે તો કયા હુઆ, પર ફાસ્ટેસ્ટ ફિંગર કી સીટ કે લિયે ભી કરોડો લોગ તરસ રહે હૈ, ઔર આપ વહાં તક પહોચે હો યે ભી કોઈ કમ બાત નહીં...

અને બીગ બી એ રાજેન્દ્રસિંહ ની દીકરી વાચાએ બીગ બીના પેન્સિલ સ્કેચ પોર્ટ્રેટ પર તેમના અમૂલ્ય ઓટોગ્રાફ કરી આપી અને જોડે ઉભા રહી ફોટો પડાવી જીવનભરની યાદગીરી આપી હતી. કમનસીબે રાજેન્દ્રસિંહ પરમાર હોટ સીટ પર તો ના પહોંચી શક્યા પણ તેમની કાબેલિયત અને કિસ્મત જ તેમને હોટસીટના અંતિમ પડાવ એવી ફાસ્ટેસ્ટ ફિંગરની હોટ સીટ ઉપર લઈ ગયું.



**રૂપાલકંપા ગામે જન્માષ્ટમી પર્વની ઉજવણી....**

હિંમતનગર તાલુકાના રૂપાલકંપા ગામે જન્માષ્ટમી પર્વની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ગામના અંકિતભાઈ વિનોદભાઈ લીંબાણીના મુખ્ય યજમાન પદે અને ગામના ઉત્સાહી યુવકો ચંદ્રકાન્ત દિવાણી, પરેશભાઈ પોકાર, હરેશભાઈ ભગત, મુકેશભાઈ દિવાણી, હાર્દિકભાઈ ભગત તેમજ વડીલ વિષ્ણુભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, સહિત કાંતિભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગામના યુવક-યુવતી અને મહિલા મંડળ દ્વારા રાસ-ગરબા મટકીફોડ તેમજ ભજન-કિર્તનન જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી હતી.

# ભિલોડા માર્કેટયાર્ડનું સૂકાન હવે મહિલા ચેરમેનના હાથમાં : ખેત ઉત્પન્ન બજારની ઐતિહાસિક ઘટના



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજયના માર્કેટયાર્ડોમાં મહિલા હિસ્સેદારીની ઐતિહાસિક કહી શકાય તેવી એક ઘટનામાં ભિલોડા માર્કેટયાર્ડનું સૂકાન હવે મહિલા ચેરમેનના હાથમાં સોંપવામાં આવ્યું છે. મંગળવારે યાર્ડના સભ્યોની યોજાયેલી ચૂંટણી પ્રક્રીયામાં સર્વાનુમતે નિલમકુંવરબા હિતેન્દ્રસિંહ સીસોદીયાની બિનહરીફ ચેરમેન પદે વરણી કરવામાં આવી છે. લાખો રૂપિયાનું ટર્નઓવર કરતા માર્કેટયાર્ડમાં પ્રથમવાર મહિલા ચેરમેનના હાથમાં વહીવટ આવતાં માર્કેટયાર્ડ હજુ વધુ પ્રગતિ કરશે તેવી આશા જાગી છે.

રાજ્ય સરકાર પંચાયતી રાજમાં મહિલાઓની હિસ્સેદારી વધે તેવા સતત પ્રયત્નો કરી રહી છે. જિલ્લામાં અનેક મહિલાઓએ સરપંચ પદે આરૂઢ થઈ ગામનો વિકાસ કરવા માટે થતા પ્રયાસો કર્યા છે પરંતુ કેટલાક કિસ્સાઓમાં તો મહિલા સરપંચના બદલે તેમના પતિદેવો જ ગ્રામ પંચાયતનો મોટાભાગનો વહીવટ કરતા હોય છે. જ્યારે ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં હમણાં સુધી મહિલા વર્ગનું પ્રતિનિધિત્વ ક્યાંય દેખાતું ન હતું પરંતુ ભિલોડા માર્કેટયાર્ડમાં હવે ચેરમેન પદે નિલમકુંવરબાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જિલ્લાના માર્કેટયાર્ડોના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ મહિલાને ચેરમેન બનાવવામાં આવ્યા છે. અંતરીયાળ ગણાતા ભિલોડા માર્કેટયાર્ડમાં હવે મહિલાની હિસ્સેદારી નોંધાતાં આગામી સમયમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિનો વહીવટ સુચારૂરૂપ ચાલશે તેવો ટેકેદારોએ આશાવાદ વ્યક્ત કર્યો છે. ઐતિહાસિક ઘટનામાં મહિલાના હાથમાં ચેરમેનનું સૂકાન સોંપવાની સાથે જયંતિભાઈ પટેલ પણ બિનહરીફ વાઈસ ચેરમેન પદે ચૂંટાઈ આવ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં ટામેટાના ઓછા ભાવથી ખેડૂતો નિરાશ, વેપારીઓના ગાલે લાલાશ

## ખેડૂતો પાસેથી ઓછા ભાવે ટામેટાં ખરીદી બજારમાં ઉંચા ભાવનો ખેલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ટામેટાનું ઉત્પાદન કરનારા ખેડૂતોને ઓછા ભાવ મળી રહ્યા છે. હોલસેલ વેપારીઓ ખેડૂતો પાસેથી ઓછા ભાવે ખરીદી કરી બજારમાં ઉંચા ભાવે ટામેટા વેચી રહ્યા છે જેથી ખેડૂતો નિરાશ અને વેપારીઓના ગાલે ઉંચા ભાવથી લાલાશ આવી છે. ટામેટાના યોગ્ય ભાવ મળતા નથી જેમાં વેપારીઓ કીલો દીઠ રૂા.૫ થી ૧૦ ના ભાવે હોલસેલમાં ટામેટાં ખરીદીને બજારમાં કીલોએ રૂા.૨૫ થી ૩૦ના ભાવે વેચી રહ્યા હોવાથી ટામેટાનું ઉત્પાદન કરનારા ખેડૂતોને ઘાટો પડી રહ્યો છે.

ખેડૂતો ઉત્પાદન થયેલ પાક ઉપજના સારા ભાવ મળે તેવી હંમેશાં આશા રાખતા હોય છે પરંતુ પાક ઉત્પાદન થઈ બજારમાં પહોંચે ત્યારે ઓછા ભાવથી ખેડૂતોને રડવાનો વારો આવતો હોય છે. જિલ્લામાં બજારમાં રોકડાં નાણાં મળતાં હોવાથી અનેક ખેડૂતો બાગાયતી ખેતીમાં ટામેટાંની ખેતીને વધુ મહત્વ આપી રહ્યા છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ઓછા ભાવથી



ખેડુતોને નુકસાન થઈ રહ્યું છે. જિલ્લાના અસંખ્ય ખેડૂતોએ ટામેટાંની ખેતીમાં આગવી સિદ્ધિ મેળવી છે જેમાં ખેતરમાંથી સીધા ટામેટા ભરીને ટ્રકો રાજસ્થાન-દિલ્હી સહિતના રાજ્યોમાં સપ્લાય કરવામાં આવતી હોય છે પરંતુ નાના ખેડૂતો માટે હવે ટામેટાંની ખેતી ખોટની બની રહી છે. સ્થાનિક બજારમાં પાક ઉપજ વેચનારા ખેડૂતોને પૂરતા ભાવ મળતા નથી જેમાં હોલસેલ વેપારીઓ ખેડૂતો પાસેથી ઓછા ભાવે ટામેટાનો જથ્થો ખરીદી છૂટક બજારમાં ઉંચા ભાવે વેચી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ટામેટાની ખેતીમાં ખેડૂતોને નફો મળતો નથી પરંતુ વેપારીઓ વધુ નફો મેળવી રહ્યા છે.



ધનસુરામાં સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો ઘણા સમયના વિરામ બાદ ધનસુરા માં વરસાદ વરસ્યો હતો વરસાદ વરસતા રોડ પર પાણી ભરાયા હતા વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક થઈ હતી જેથી લોકોને રાહત થઈ હતી સાથે વરસાદ વરસતા ખેડૂતોને પણ રાહત થઈ હતી

# ધનસુરામાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી

ધનસુરા, તા. ૩૧

ધનસુરામાં જન્માષ્ટમીના પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ધનસુરા માંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના નાદ સાથે' જન્માષ્ટમીની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી અને ભગવાનના દર્શન કરી પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી



# જન્મદિને વધામણી



ભવ્ય નિતીનકુમાર જૈન
સાઠંબા, તા.બાયડ



અરવિંદભાઈ રાવલ
ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા



અનિલભાઈ ઉપાધ્યાય
સાઠંબા, તા.બાયડ



રવિગીરી અરવિંદગીરી
ગોસ્વામી
(આર્વી મંડપ એન્ડ કેટરર્સ)
સરસોલી, તા.બાયડ



હર્ષદગીરી ગોસ્વામી
લાલીનામઠ, તા.ધનસુરા



વિક્રમભાઈ પટેલ
(વ્રજગાર્ડન સોસાયટી)



ભરતભાઈ કડીયા
(ટીવી રીપોર્ટર)
મોડાસા, જિ.અરવલ્લી



અંકીત પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા



અર્જુનસિંહ રાજપૂરોહીત
આકરૂન્દ, તા.ધનસુરા



આશાબેન મિલનભાઈ શાહ
(નિવૃત્ત મેનેજર : સાઠંબા નાગરિક બેન્ક)
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ. અરવલ્લી



આરીફભાઈ એમ. મિરઝા
(આચાર્ય : સારસ્વત
હાઈસ્કુલ)
બાયડ, જિ.અરવલ્લી



નદીમખાન યાસીનખાન
બલોચ (કસ્બા વિસ્તાર)
બાયડ ગામ

# ગાજણની સીમમાં જન્માષ્ટમીએ જુગટું રમતાં ૫ જુગારી ઝડપાયા

## શ્રાવણિયો જુગાર પૂરબહારમાં ખીલ્યો, જુગારની રેડ માટે પોલીસ દોડતી થઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

અરવલ્લી જિલ્લામાં શ્રાવણના આરંભ સાથે જ જુગારની બદી પૂરબહારમાં વકરી છે. જુગારની રેડ માટે દોડતી થયેલી પોલીસે ગત રોજ મોડાસા તાલુકાના ગાજણના સીમાડામાં રેડ કરતાં ૫ જુગારીયા રૂા.૧૬,૫૯૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. જન્માષ્ટમીના દિવસે જુગટું માંડી કેટલાક જુગારીયાઓ પૈસાની હારજીતના જુગારમાં મશગુલ હતા તે સમયે પોલીસ ત્રાટકતાં નાસભાગ મચી હતી. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પવિત્ર શ્રાવણ મહિનામાં જુગારીયાઓને જાણે કે જુગારનો પરવાનો આપવામાં આવ્યો હોય તેવી સ્થિતિ મોટાભાગના વિસ્તારોમાં જોવા મળી રહી છે. પોલીસના ડર વગર રોજ લાખો રૂપિયાનો જુગાર રમાય છે છતાં રેડ સમયે પોલીસના હાથમાં મામૂલી રકમ આવતી હોય છે. શહેરી વિસ્તારોમાં જુગારધામો બંધ હોવાની વાતો ખાખી વર્દીના મોંઢે સાંભળવા મળે છે પરંતુ શ્રાવણ માસમાં તો ઠેર ઠેર જુગારની બદી વકરી છે. તાલુકાના ગાજણના સીમાડામાં કેટલાક જુગારીયાઓ પૈસાનો હારજીતનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે મોડાસા ગ્રામ્ય પોલીસે ઓચિંતો છાપો મારતાં મોડાસાના ૪ અને માલપુરનો ૧ જુગારી રંગેહાથે ઝડપાયો હતો. પોલીસની રેડ દરમ્યાન જુગારીયાઓની અંગ જડતી લેવામાં આવી હતી જેમાં હારજીતના જુગારની રકમ અને ૨ મોબાઈલ ફોન સહિત કુલ રૂા.૧૬,૫૯૦નો મુદ્દામાલ હાથ લાગ્યો હતો. ૩ જુગારીને પોલીસે દબોચી લીધા પરંતુ ૨ જુગારી પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે હેડકોન્સ્ટેબલ શૈલેષભાઈની ફરિયાદના આધારે મોડાસા ગ્રામ્ય પોલીસે જુગારધારાનો ગુનો નોંધ્યો છે.

**ઝડપાયેલા જુગારી...**

સોયેબ ઉસ્માનગની મોડાસીયા, રહે.ભાગોળ ચોક, ટાઢા ફળી, મોડાસા
નિજામુદીન મહંમદસલીમ મોડાસીયા, રહે.સહારા સોસાયટી, મોડાસા
આસીફ સલીમભાઈ ઘોંચી, રહે.લીમડા ચોક, માલપુર

**ફરાર જુગારી..**

શહેજાદ ઉર્ફે ડોસુ, રહે.ભાગોળ ચોક, સીફા ડેરી સામે, મોડાસા
વસીમ પઠાણ, રહે.સહારા સોસાયટી, મોડાસા

# પાલનપુર પાલિકાની ઢીલી નીતી કે આંખ આડા કાન?

## પાલનપુરના પારપડા રોડ પર ગુરૂનિધિ બંગ્લોઝમા થતું ગે.કા. બાંધકામ અટકાવવા માંગ

પાલનપુર, તા.૩૧

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં વગર પરવાનગીએ અન અધિકૃત બાંધકામો છડેચોક થઈ રહ્યા હોવાની ફરિયાદો વચ્ચે પારપડા રોડ ઉપર રાધે બંગ્લોઝની બાજુમાં ગુરૂનિધિ બંગ્લોઝમાં ગેરકાયદેસર બાંધકામ થયું હોવાની રાવ સાથે અનઅધિકૃત બાંધકામ તોડી પાડવાની માંગણી જોર પકડી રહી છે. ગુરુનિધિ બંગલોઝમાં સોસાયટીના વહીવટ કર્તાઓએ ગેરકાયદેસર રીતે પાલિકાની પૂર્વ મંજુરી વિના કોમનપ્લોટ માં ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરેલ છે. આ કોમન પ્લોટમાંથી ગેસની પાઈપલાઈન પસાર થઈ રહી છે. જ્યાં તારની વાડ કરવા પણ મંજૂરી લેવી પડે છે. ત્યારે પાલિકાની રહેમનજર તળે ગેસની પાઈપલાઈન પસાર થઈ રહી છે તેવા કોમન પ્લોટમાં ગેકાયદેસર રીતે બાંધકામ ચાલી રહ્યું હોવાની રાવ ઉઠી છે. આ કોમન પ્લોટમાં થઈ રહેલા બાંધકામ ની બાજુમાં એક વ્યક્તિનો બંગલો છે. જે બંગલાને પણ ગેરકાયદેસર બાંધકામને કારણે નુકસાન થવા સંભવ છે. આ બાંધકામમાં ગેરકાયદેસર રીતે બારી બારણાં મૂકી બાજુમાં રહેતા લોકોની પ્રાઈવસીનો પણ ભંગ થતો હોવાની સાથે ભવિષ્યમાં જાહેર ન્યૂઝન્સ થવાની દહેશત તળે કોમન પ્લોટમાં વગર મંજૂરીએ થઈ રહેલા બાંધકામ અટકાવવાની માંગ ઉઠી છે. સોસાયટીના વહીવટકર્તાઓ નગર પાલિકાની મંજુરી વિના ઠરાવ કરી કાયદાની ઐસી-તૈસી કરી ગે.કા. બાંધકામ કરી રહ્યા હોવાની ફરિયાદ ઉઠી છે. અનઅધિકૃત બાંધકામને કારણે સોસાયટીના રહીશોમાં રોષ અને કચવાટની લાગણી પેદા થવા પામી છે. ત્યારે નગરપાલિકાના સત્તાવાળાઓએ અને ચીફ ઓફિસરે નગરપાલિકાના પ્રમુખને સાથે લઈ ગુરૂનિધિ બંગ્લોઝની મુલાકાત લઈ આ ગે.કા. બાંધકામ સામે સ્ટે આપી અને ગે.કા. બાંધકામ સત્વરે તોડી પાડે તેવી માંગ છે. વળી આ વિસ્તાર વોર્ડ નં.૧માં આવતો હોઈ વોર્ડ નં.૧ના કોર્પોરેટરોએ પણ સત્ય હકીકત જાણી ગે.કા. બાંધકામ અટકાવવાની જરૂર છે. અત્રે નોંધનીય છે કે પાલનપુર નગરપાલિકા તંત્રની ઢીલી નીતી ગણો કે લાપરવાહી ગણો પણ કેટલાક બિલ્ડરો કાયદાને ઘોળીને પી જઈ અત્ર-તત્ર- સર્વત્ર ગે.કા.બાંધકામો કરી રહ્યા છે. જેના કારણે શહેરમાં ગેરકાયદેસર બાંધકામોની વણઝાર જોવા મળે છે. નવા ચુંટાયેલા ન.પા.ના પ્રમુખ શ્રીમતી હેત્તલબેન રાવલ કાયદાનું શસ્ત્ર ઉગામી ન્યાયોચિત કાર્યવાહી કરે તે ઈચ્છનીય છે.

# ધનસુરા દેવિયા મહાદેવના મંદિરે બાર જ્યોતિર્લિંગનું પૂજન અને સત્સંગ કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૩૧

ધનસુરાના દેવિયા મહાદેવ ના મંદિરે જન્માષ્ટમીના દિવસે બાર જ્યોતિર્લિંગ નું પૂજન વિધિ અને મનોકામના ઘંટનાદ રામજી મંદિરના મહંત શ્રી પૂરણશરણ દાસજી મહારાજ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું અને સ્વયંભૂ શિવલિંગ ઉપર બહારથી દૂધ ગંગાજળનો અભિષેક તેમજ પીપળાના ઓટલે પ્રદક્ષિણા માટે આધુનિક ઓટલે જળ ચઢાવવા માટે વિશ્વકર્મા મંદિરથી પ. પૂજ્ય પરમેશ્વરી દીદીના વરદ હસ્તે કાર્યક્રમ યોજાયો હતો તેમજ વિશ્વકર્મા મંદિરના મહંત શ્રી હરિરામદાસજીના વરદ હસ્તે સૂર્યનારાયણને જળ ચઢાવવાનો કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં પુ. મહંતશ્રી પુરણ શરણ દાસજી મહારાજ એ આશીર્વચન પાઢવ્યા હતા અને પૂ.પરમેશ્વરી દીદીની અમૃત વાણી દ્વારા ભક્તિમય જ્ઞાન નો સત્સંગ નો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા દેવિયા મહાદેવ જીણોદ્ધાર સેવક સમિતિ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું

## અવસાન નોંધ...



બાયડ : બાયડના જયેશભાઈ જોબનપુત્રા અને રાજીવ(રાજુ)ભાઈ જોબનપુત્રા (કલ્પતરૂ હેન્ડલૂમ-બાયડ)ના પિતા નવીનચંદ્ર હીરાલાલ જોબનપુત્રાનું નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨ સપ્ટેમ્બર, ગુરૂવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ તેમના નિવાસસ્થાન ૨૧, સહજાનંદન પાર્ક, સંજીવની હોસ્પિટલની સામે, બાયડ, જિ. અરવલ્લી ખાતે રાખેલ છે.